ટેલ ઓફ ઓરીગ્સ

પેક - ૧



# રોના એન્ડ ઓરીગ્સ

બુક - ૧

# ત્રિમંત્ર





નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ૐ નમો ભગવતે વાસુદેવાય
ૐ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ






પ્રકાશક:

મહાવિદેહ ફાઉન્ડેશન

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org



©: All Rights Reserved – Mahavideh Foundation

Address as above



મુદ્રક:

મહાવિદેહ ફાઉન્ડેશન

B – ૯૯, ઈલેક્ટ્રોનિક જી.આઈ.ડી.સી., K- ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃતિ : ૩૦૦૦ કોપી, નવેમ્બર : ૨૦૧૭

મુલ્ય: ₹ ૬૦/- *(૩ બુકનો સેટ)*

રોના, એક જાપનીસ છોકરી હતી. એને ક્રિએટિવ ક્રાફ્ટ બહુ ગમતું.

એક દિવસ એણે પેપરમાંથી માણસો બનાવ્યા, જેને એ 'ઓરીગ' કહેતી. અને પછી એ લોકોને રહેવા માટે નાનકડું શહેર પણ બનાવ્યું, જેને એણે નામ આપ્યું 'ઓરિંગ્ટન'.

અચાનક રાત્રે...પેપરના બનાવેલા આ માણસો જીવતા થઈ ગયા!

હવે જોઈએ આ બધું કેવી રીતે થયું અને આ દરેક ઓરીગ્સની ખાસિયત શું છે!



જાપાનમાં રોના નામની એક નાની પણ સમજદાર છોકરી રહેતી હતી. ઢીંગલી જેવી દેખાતી રોના મોટી મોટી ભૂરી આંખો અને ગુલાબી ગાલના કારણે વધુ સુંદર દેખાતી હતી.



એ હોંશિયાર અને ક્રિએટિવ હતી. પેપરમાંથી નવી નવી વસ્તુઓ બનાવવાનું એને ખુબ જ ગમતું. માટે એના મિત્રો એને 'ઓરીગામીસ્ટ' કહેતા. એ પેપરમાંથી પ્રાણીઓ, વૃક્ષો અને બીજું જે કંઈ પણ સૂઝે તે બનાવતી.



એક દિવસ એને કંઈક નવું બનાવવાનું મન થયું. વિચારતા એને ઝબકારો થયો, "હું પેપરમાંથી એક નાનકડું શહેર બનાવું."

એણે કામ કરવાનું શરૂ કર્યું. બપોર સુધીમાં તો એણે પેપરમાંથી મકાનો, પક્ષીઓ, વૃક્ષો અને ગાડીઓવાળું એક નાનકડું શહેર બનાવી દીધું.

એણે એ શહેરનું નામ રાખ્યું 'ઓરીંગ્ટન'.



'ઓરીંગ્ટન શહેરમાં હજુ કંઈક ખૂટે છે' તે વિચારતી હતી.

અચાનક એને સૂઝ્યું, 'અરે હા..! ઓરીંગ્ટન શહેર તો ખાલીખમ છે. એને લોકોની જરૂર છે!'

એ વિચારવા લાગી કે, દરેક ઓરીગ કેવો હોવો જોઈએ? દેખાવમાં તેમજ સ્વભાવમાં.

એણે જુદા જુદા રંગના પેપરમાં એક એક 'ઓરીગ' દોર્યા. દોરતી વખતે એણે એ દરેક ઓરીગ કેવા સ્વભાવનો હશે એ પણ વિચારી લીધું. અને પછી એણે કાગળ ઉપાડી વાળવાનું ચાલું કર્યું.



ચીટકાડવા માટે જ્યારે એણે ગુંદરની બોટલ ખોલી, ત્યારે એ ખાલીખમ નીકળી.

"ઓહ નો, આ બોટલ તો ખાલી છે ! અત્યારે બીજો ગુંદર ક્યાંથી લાવું ?" રોના નારાજ થઈ ગઈ.

ત્યાં એને અચાનક દાદીમાનો જૂનો પટારો યાદ આવ્યો. 'એમાં ગુંદર હોવો જ જોઈએ. પણ મને એમનો પટારો ખોલવાની મનાઈ છે. શું કરું ?'



એ ચૂપચાપ દાદીના રુમમાં ગઈ. એમના પલંગ નીચેથી પટારો બહાર કાઢ્યો. ખોલીને જોયું તો એમાં ઘણાં બધા રંગીન પેપર્સ હતા. જુદા જુદા કલર્સની બોટલો પણ હતી. રોના ગુંદરની બોટલ ફંફોળવા લાગી. એકદમ નીચે હાથ નાખ્યો તો એક જૂની બોટલ એના હાથમાં આવી. જોયું તો એના પર લખ્યું હતું, 'ગુંદર.'

'હાશ... મળી ગયું.'

એણે ધીમેથી બોટલ એના ડ્રેસના ખીસામાં મૂકી દીધી. પટારો બંધ કરીને પાછો પલંગ નીચે મૂકી એ ચૂપચાપ ત્યાંથી નીકળી ગઈ.

ઉતાવળમાં એણે બોટલને બરાબર જોઈ નહીં. એના પર એક લેબલ હતું જેના પર લખ્યું હતું....

'સાવધાન : વધુ પડતા ઉપયોગથી એ વસ્તુ જીવંત થઈ જશે.'


સાવધાન
વધુ પડતા ઉપયોગથી
એ વસ્તુ જીવંત થઈ જશે.'

કોઈને ખબર પડે એ પહેલા બોટલ પાછી મૂકી આવવાની ઉતાવળમાં એણે કંઈ વાંચ્યું નહીં અને કામ કરવા લાગી.

ફટફટફટ ફોલ્ડીંગ....

થોડા જ કલાકોમાં તો એણે પંદર 'ઓરીગ્સ' તૈયાર કરી નાખ્યા. પંદર જુદા જુદા ચમકદાર રંગવાળા 'ઓરીગ્સ' જોઈને એ ખુશ થઈ ગઈ.


"વાહ!" પોતાની હસ્તકલાના વખાણ કરતા એ બોલી, "હવે મારે ફક્ત તેમના નામ આપવાના બાકી છે."



પહેલો ઓરીગ ઉપાડતા એ બોલી, 'હું તને નોબલ નોએલ કહીને બોલાવીશ, કારણ કે તું મોટા દિલવાળો છે.'

આમ એક પછી એક એણે બધા આરીગ્સને નામ આપ્યા. હેલ્પફુલ (મદદગાર) હેરી, પોઝીટીવ પરસી, સ્કેર્ડ (ડરપોક) હેગ્રીડ, પેશન્ટ (ધીરજવાળો) પેટ્રિક, સલ્કી (રીસાળ) વલ્કી, એન્ગ્રી (ક્રોધી) હેનરી, જેલસ (ઈર્ષાળુ) જોના, લવેબલ (પ્રેમાળ) લોરા, ઓબ્સટીનેટ (અક્કડ) ઓલી, ટીઝર (મસ્તીખોર) ટોમ, પ્રાઉડ (અભિમાની) પીટર, સ્ટેન્લી (ચોર) સ્ટીલર, લાયર (જૂઠું બોલનાર) લેન્સલી, ગ્રમ્પી (ચીઢીયાં સ્વભાવવાળો) ગ્રેવિન અને સિન્સિયર સેમ્યુઅલ.

રોનાએ આ બધાને ઓરીંગ્ટન શહેરમાં ગોઠવ્યા.



“ઓહ, હવે ખૂબ થાકી ગઈ છું. મારે સૂઈ જવું છે.” આળસ મરડી, બગાસું ખાતા રોના બોલી. નીચે બધું જેમ છે એમ રાખીને એ પોતાના પલંગમાં જઈને સૂઈ ગઈ.

એ રાત્રે એક જાદુ થયો....

પેપરના ઓરીગ્સ સળવળ્યા. તેમના પેપરના નાના હાથ-પગ હલવા માંડ્યા અને તેમની આંખો ઝબૂકવા લાગી. થોડી જ ક્ષણોમાં બધા ઓરીગ્સ જીવતા થઈ ગયા!

રોનાએ બધા પાત્રો માટે જેવો સ્વભાવ વિચારેલો હતો તેવા જ તેઓ બની ગયા.



રોનાને ઊંઘમાં ખળભળાટ સંભળાયો. એણે ચાદરમાંથી માથું બહાર કાઢી પેપરના શહેર તરફ જોયું તો બધા પાત્રો હાલતા ચાલતા હતા. આ જોઈ એ સફાળી બેઠી થઈ ગઈ.

'આ બધું શું થઈ રહ્યું છે ?' રોનાએ એની આંખો ચોળીને ફરી જોયું.

ત્યાં તો એને એક અવાજ સંભળાયો, ''અહીંયા આવ રોના!''

તે હતો નોબલ નોએલ. રોનાનું ધ્યાન પોતાના તરફ કરવા, હાથ હલાવી એ રોનાને બોલાવી રહ્યો હતો.



રોનાને પોતાની આંખો પર વિશ્વાસ નહોતો થતો.

"ડરીશ નહીં! તે જે ગુંદર વાપર્યો હતો તે જાદુઈ ગુંદર હતો. તેના વધુ પડતા ઉપયોગને કારણે અમે જીવંત થઈ ગયા છીએ." નોબલ નોએલે કહ્યું.

રોનાએ ઉઠીને ગુંદરની બોટલ આમતેમ ફેરવીને જોઈ. એના પર ચેતવણી લખી જ હતી.

"ઓહ નો...." કહી એ પલંગમાં બેસી ગઈ.

"મારો હાથ પકડ અને આંખો બંધ કરીને કલ્પના કર કે તું અમારી સાથે ઓરીંગ્ટન શહેરમાં જ છે." નોએલ બોલ્યો.

રોનાએ એવું કર્યું.



જ્યારે એણે પોતાની આંખો ખોલી ત્યારે એ ઓરીંગ્ટન શહેરની વચ્ચોવચ ઊભી હતી. એ હતી પોતાના માનવ રૂપમાં જ, પરંતુ બીજા ઓરીગ્સ કરતા અલગ અને થોડી વધારે ઊંચાઈવાળી હતી!

રોના આશ્ચર્યચકિત થઈ ગઈ, ‘‘અરે, આ તે કેવી રીતે કર્યું?’’

‘‘અમે જાદુઈ પાત્રો છીએ તેથી અમે આવું કરી શકીએ. થેન્ક યુ રોના, કે તે અમને જીવતાં કર્યાં.’’ આ સાંભળી બીજા ઓરીગ્સે પણ રોનાને ‘‘થેન્ક્સ’’ કહ્યું.



“પણ અમે બધા જુદા જુદા કેમ દેખાઈએ છીએ, એકસરખા કેમ નહીં?” નોએલે પૂછ્યું.

“કારણ કે તમે બધા જુદા જુદા સ્વભાવના છો માટે.” રોનાએ કહ્યું, “પણ હવે તમે બધા એકબીજાને ઓળખો અને ફ્રેન્ડ્સ બનો.”

“ફ્રેન્ડ્સ?”

“હા, ફ્રેન્ડ્સ.” કહી રોનાએ બધાને એના ફ્રેડ્સની વાતો કરી.

“ઓહ વાઉ, મારે પણ ફ્રેન્ડ્સ જોઈએ છે.” ઓલી બોલી ઉઠી.

“મારે પણ...”

“હું પણ ફ્રેન્ડ્સ બનાવીશ”

“હું પણ”

અને બધા મંડી પડ્યા.





"ઓ.કે, ઓ.કે...તમને ખબર છે, ભલે તમે બધા જુદા દેખાવ છો પણ તમારા બધામાં એક વસ્તુ સરખી છે."

"એ શું ?" જાણે કંઈ ખટપટ કરતો હોય એમ પેશન્ટ પેટ્રિકે પૂછ્યું.

"તમારા બધા પાસે એક એનાલીટીકલ મગજ છે," રોનાએ જવાબ આપ્યો, "એટલે કે તમે બધા કોઈ પણ વસ્તુ પર સારી રીતે વિચારી શકો છો. અને તમારા પ્રોબ્લેમના સમાધાન તમારી જાતે લાવી શકો છો."

“અને જો અમે ઉકેલ ના મેળવી શકીએ તો ?” સલ્કી વલ્કીએ તરત જ શંકા વ્યક્ત કરી.

રોનાએ તેના તરફ હસીને પ્રેમથી કહ્યું, “તો મને આવીને પૂછજો. હું તમને મદદ કરીશ. આખરે મેં તમને બનાવ્યા છે.”




“તું અમારી સાથે રમીશ ?” નોએલે પૂછ્યું.

“હા, પણ દર વખતે નહીં. મારી ઈચ્છા છે કે તમે બધા એકબીજાની નજીક આવો. તમે જાતે એકબીજાને ઓળખો, એકબીજા પાસેથી શીખો, પોતાની જાત પાસેથી શીખો અને જીવનમાંથી શીખો.” રોનાએ જવાબ આપ્યો.

“ઓહ સારું.” નોએલ થોડો મૂંઝાયો.

“પછી હું તમારા બધાના અનુભવો સાંભળીશ.” રોના બોલી.





આ સાંભળી બધા ઓરીગ્સ ખુશ થઈ ગયા. તાળીઓ પાડી બધા એક પછી એક રોનાને પ્રેમથી ભેટ્યા. અને એને પાછી એની પોતાની દુનિયામાં મોકલી દીધી.

બધા ઓરીગ્સ ઓરીંગ્ટન શહેરમાં ફરવા લાગ્યા. બધાએ ખૂબ ઉત્સાહ સાથે પોતાના નવા જીવનની શરુઆત કરી....





રેના



નોબલ નોએલ



લાયર લેન્સલી



જેલસ જોના



પેશન્ટ પેટ્રીક



સિન્સીયર સેમ્યુઅલ



પોઝીટીવ પર્સી



પ્રાઉડ પીટર



લવેબલ લોરા




બુક ઓફ હેપ્પીનેસ

GNC

ISBN : 978-93-86321-77-0

Printed in India

₹ 60 *(૩ બુકનો સેટ)*